# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

**આકારણી શાખા**

## એડવાન્સ મિલક્ત વેરા પ્રોત્સાહક રિબેટ (વળતર)યોજના વર્ષ૨૦૨૪-૨૫

વડોદરા મહાનગરપાલિકા દ્વારા એડવાન્સ મિલકત વેરો ભરનાર કરદાતાઓને લાભ મળે તે હેતુ થી વર્ષ ૨૦૨૪-૨૫ માટે એડવાન્સ વેરા પ્રોત્સાહક રિબેટ (વળતર ) યોજના વર્ષ:૨૦૨૪-૨૫ નીચે મુજબ અમલમાં મુકવામાં આવેલ છે.

(૧) રહેણાંક હેતુ ની મિલકતના પ્રોપર્ટી ટેક્ષમાં ૧૦ % વળતર

(૨) બિનરહેણાંક હેતુની મિલકતના પ્રોપર્ટી ટેક્ષની રકમમાં ૫% વળતર

(૩)ઉપરોક્ત બંન્ને કિસ્સામાં એડવાન્સમાં વેરાની રકમ ઓનલાઇન ભરનાર કરદાતાઓને વધુ ૧ % વળતર આપવાનું રહેશે

(૪)સદર યોજના તારીખ.૨૧-૦૬-૨૦૨૪થી તા.૨૦-૦૭- ૨૦૨૪ સુધી અમલમાં રહેશે.

(૫) સદર યોજનાનો લાભ લેવા ઈચ્છતા કરદાતાઓએ વર્ષ ૨૦૨૪-૨૫ નો પ્રોપર્ટી ટેક્ષ આગળના વર્ષોની બાકી રકમ સાથે ભરવાનો રહેશે.

(૬) સદર રીબેટ પ્રોપર્ટી ટેક્ષની રકમ પૈકી સામાન્ય કર, પાણીકર અને કન્ઝરવન્સી અને સુએરેઝ ટેક્ષની રકમ પર મળવાપાત્ર રહેશે. જ્યારે શિક્ષણ ઉપકર, સફાઈ ચાર્જ અને એન્વાયરમેન્ટ ઈમ્પ્રુવમેન્ટ ચાર્જ પર કોઈ રિબેટ(વળતર) મળવા પાત્ર રહેશે નહીં.

ઉપરોક્ત યોજનાનો લાભ લેવા તમામ કરદાતાઓને જણાવવામાં આવે છે. મિલકત વેરાની રકમ તમામ વહીવટી વોર્ડ નં. ૦૧ થી ૧૯ ની કચેરીમાં કામકાજનાં દિવસ દરમ્યાન સવારના ૯.૩૦ કલાકથી બપોરના ૩.૦૦ કલાક સુધીમાં રૂબરૂ તથા વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ www.vmc.gov.in પર ઓનલાઇન પણ ભરી શકાશે.

પી.આર.ઓનં.૧૧૨ -૨૦૨૪-૨૫ | મ્યુનિસિપલ કમિશનર